



# જુલાઈ મહિનો ઘણો ઊથલપાથલ ભરેલો તેમ જ વિશેષ મહત્ત્વનો પણ છે



જડીબુટ્ટી
નજુમી

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ જુલાઈનો આ મહિનો ઘણો ઊથલપાથલભરેલો અને વિશેષ મહત્ત્વ રાખવાવાળો છે. અંતરિક્ષમાં એક એવી દુર્લભ અને મોટી ખગોળીય સ્થિતિ બની છે, જે દેશ-દુનિયાથી માંડીને આમ જન-માનસના જીવનમાં ઊંડો પ્રભાવ આપશે. આ સમયે સૂર્ય અને શનિ સહિત બધા મુખ્ય ગ્રહો રાહુ-કેતુની પકડમાં આવી ચૂક્યા છે! જેનાથી કેટલાય મોટા જ્યોતિષીય સંકેત પણ મળી રહ્યા છે. આવો, તેને વિસ્તારથી સમજીએ છીએ કે ગ્રહોની આ સ્થિતિ ક્યાં સુધી રહેશે. તેનાથી કયો કયો મોટો બદલાવ આવી શકે છે અને આ દરમિયાન તમારે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ.

**જુલાઈ મહિનામાં પાંચ ગ્રહોનું પરિવર્તન**

રાહુ-કેતુના આ ઘેરાવા વચ્ચે જુલાઈના મહિનામાં પાંચ મુખ્ય ગ્રહોની ચાલ અને સ્થિતિમાં પણ મોટો ફેરબદલ જોવા મળશે. આ કારણે આ મહિનાના ગ્રહોનું ગોચર મોટું સંવેદનશીલ માનવામાં આવે છે.

**૭ જુલાઈ :** બુધ ગ્રહનું મિથુન રાશિમાં ગોચર.

**૧૫ જુલાઈ :** જ્ઞાન અને સુખનો કારક દેવગુરુ બૃહસ્પતિ અસ્ત થઈ જશે.

**૧૬ જુલાઈ :** ગ્રહોના રાજા સૂર્યદેવ મિથુન રાશિમાંથી નીકળીને કર્ક રાશિમાં પ્રવેશ કરશે.

**૨૪ જુલાઈ :** રાજકુમાર બુધદેવ પોતાની ચાલ બદલતાં બદલતાં માર્ગી થઈ જશે.

**૨૬ જુલાઈ :** કર્મફળ આપનાર શનિદેવ કુંભ રાશિમાં વક્રી ગતિએ ચાલવાનું શરૂ કરી દેશે.

૧૮ જુલાઈ સુધી રાહુ-કેતુની વચ્ચે રહેશે બધા ગ્રહો

જ્યોતિષશાસ્ત્રમાં રાહુ અને કેતુને છાયા ગ્રહ માનવામાં આવે છે જ્યારે મોટા ભાગના ગ્રહ આ બંને વચ્ચે આવી જાય તો તેને વિશેષ જ્યોતિષીય સ્થિતિ માનવામાં આવે છે. આ દરમિયાન ગ્રહોનો સામુહિક પ્રભાવ વ્યક્તિના નિર્ણય, માનસિક સ્થિતિ અને સામાજિક વાતાવરણ પર અસર નાંખી શકે છે! આ દરમિયાન રાજકારણમાં મોટી ફેરબદલી અને કુદરતી તકલીફો આવવાની શક્યતા બની રહે છે. સામાન્ય રીતે આ માન્યતાઓનું વૈજ્ઞાનિક પ્રમાણ તો નથી પરંતુ વૈદિક જ્યોતિષમાં તેનું વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે.

### રાહુ કેતુ વચ્ચે બધા ગ્રહો ઘેરાવમાં રહેશે

જ્યોતિષ ગણતરી અનુસાર ગત ૪ જુલાઈથી જેવો ચંદ્ર કુંભ રાશિમાં પ્રવેશ કર્યો એવી જ આ વિશેષ અને દુર્લભ ગ્રહ સ્થિતિ પ્રભાવમાં આવી ગઈ.

વર્તમાનમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એટલે કે બધા સાત ગ્રહો રાહુ-કેતુની મધ્ય (વચ્ચે) ફસાયેલા છે. ગ્રહોની રાહુ-કેતુના ઘેરાવમાં રહેવાની આ વિશેષ આગામી 18 જુલાઈ સુધી સતત રહેશે. 18 જુલાઈએ જ્યારે ચંદ્ર કન્યા રાશિમાં પ્રવેશ કરશે ત્યારે જઈને બધા મુખ્ય ગ્રહ રાહુ-કેતુના આ ઘેરાવામાંથી બહાર નીકળવાનું શરૂ કરશે અને ત્યારે આ વિશેષ જ્યોતિષીય સંયોગ સંપૂર્ણ રીતે પૂરો થશે.

**કાલસર્પ યોગ બનવાનો સંકેત**

વિશેષજ્ઞોનું માનવું છે કે, ગ્રહોની હાલની સ્થિતિ કાલસર્પ યોગ જેવી પરિસ્થિતિઓનો સંકેત આપી શકે છે. પરંતુ તેનો પ્રભાવ દરેક વ્યક્તિની જન્મ કુંડળી અનુસાર અલગ અલગ હોય છે.

**સંબંધો અને કેરિયરમાં અસર પડી શકે છે**

ગ્રહોની બદલાતી ચાલની અસર પરિવારનું જીવન, લગ્ન સંબંધો અને કાર્યક્ષેત્ર પર જોવા મળી શકે છે. કેટલાંક લોકો માટે ગેરસમજ વધવાની સંભાવના છે. જ્યારે કાર્યસ્થળ પર નિર્ણય સમજી વિચારીને લેવાની જરૂર છે. આર્થિક મામલામાં પણ ઝડપ કરવામાંથી બચવું જોઈએ અને રોકાણ કરતાં પહેલાં જાણકાર વ્યક્તિની સલાહ લેવી જોઈએ.

**આ દરમિયાન કઈ સાવધાની રાખવી**

જુલાઈના આ વિશેષ ગ્રહ-સંયોગ દરમિયાન ક્રોધ અને તણાવમાંથી બચવાની કોશિશ કરવી. મોટા આર્થિક નિર્ણયો સમજી-વિચારીને લેવા. કોઈ પણ વિવાદમાં ઉતાવળ કરવી નહીં.

નિયમિત રીતે ભગવાન શિવ, ભગવાન વિષ્ણુ અથવા ઈષ્ટ દેવની પૂજા કરવી, ધ્યાન કરવું અને સકારાત્મક વિચાર રાખવા લાભકારક રહેશે. જરૂરિયાતવાળાં લોકોની મદદ અને દાન-પુણ્ય કરવું પણ શુભ માનવામાં આવે છે.

# ગુપ્ત નવરાત્રિમાં રાશિ અનુસાર શક્તિ સાધના કરવાથી મનોકામના જલદી પૂરી થાય છે




શક્તિ સાધના માટે ગુપ્ત નવરાત્રિનું પર્વ અત્યંત જ શુભ માનવામાં આવે છે. એવામાં અષાઢ મહિનાની ગુપ્ત નવરાત્રિ પર તમારી રાશિ માટે દેવી પૂજાનો આખરે કયો ઉપાય શીઘ્ર જ ફળદાયી સાબિત થઈ શકે છે?

સનાતન પરંપરામાં શક્તિની સાધના માટે આખું વર્ષ ચાર વાર આવતી નવરાત્રિને અત્યંત જ શુભ અને શીઘ્ર ફળદાયી માનવામાં આવે છે.

આ ચાર નવરાત્રિમાંથી બે નવરાત્રિ ચૈત્ર અને આસો મહિનામાં આવે છે, જેમાં દેવી દુર્ગાની પ્રત્યક્ષ રૂપે સાધના-આરાધના ઘણી ધામધૂમથી કરવામાં આવે છે. તો એ જ રીતે માઘ અને અષાઢ મહિનામાં આવતી નવરાત્રિમાં દેવી દુર્ગાની ગુપ્ત રૂપે પૂજા અને આરાધના કરવાનું વિધાન છે.

આ વર્ષે અષાઢ મહિનાની ગુપ્ત નવરાત્રિનું મહાપર્વ 15 જુલાઈ 2026થી પ્રારંભ થઈને 23 જુલાઈ સુધી ઊજવાશે. જો કોઈ સાધક આ પાવન 9 દિવસોમાં પોતાની રાશિ અનુસાર દેવીની સાધના કરે તો તેની મનોકામના શીઘ્ર પૂરી થાય છે. આવો... જાણીએ કે ગુપ્ત નવરાત્રિમાં કઈ રાશિની વ્યક્તિને દેવી પૂજાનો કયો ઉપાય કરવો જોઈએ.

**મેષ**

મેષ રાશિનાં જાતકોને ગુપ્ત નવરાત્રિમાં દેવી દુર્ગાની પૂજામાં ખાસ કરીને લાલ રંગનું ફૂલ - જેમ કે ગુલાબ, લાલ રંગનું વસ્ત્ર, કંકુ, લાલ ચંદન વગેરે અર્પણ કરતાં કરતાં લાલ રંગનું ફળ અને મિષ્ટાન્નનું નૈવેદ્ય ધરાવવું. મેષ રાશિનાં જાતકોને ગુપ્ત નવરાત્રિ દરમિયાન કોઈ કન્યાનું પૂજન કરતા સમયે લાલ રંગની ચૂંદડી જરૂર અર્પણ કરવી.

**વૃષભ**

વૃષભ રાશિનાં જાતકોને ગુપ્ત નવરાત્રિની પૂજામાં ખાસ કરીને સફેદ રંગનાં ફૂલ અથવા સફેદ ફૂલોની માળા (હાર) દેવીને અર્પણ કરવાં જોઈએ. દેવી પૂજામાં વૃષભ રાશિનાં જાતકોએ સફેદ ચંદનનો ચાંલ્લો કરતાં કરતાં સફેદ રંગની મીઠાઈ અથવા પતાસાનું નૈવેદ્ય ધરાવવું.

**મિથુન**

મિથુન રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિમાં દેવી દુર્ગાને ખાસ કરીને લીલા રંગની ચૂંદડી અને લીલી બંગડીઓ અર્પણ કરવી જોઈએ. દેવીની સાધના કરતા સમયે મિથુન રાશિનાં જાતકોને 'ૐ દું દુર્ગાયૈ નમહ' મંત્રનો વધારે ને વધારે જપ કરવો જોઈએ.

**કર્ક**

કર્ક રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિની પૂજામાં માતાજીને ખાસ કરીને ચમેલીનું ફૂલ અર્પણ કરવું જોઈએ. જ્યારે શક્તિની સાધનામાં ગલગોટાનાં ફૂલો અર્પણ કરો અને ખીર અર્પણ કરવી. શક્ય હોય ત્યાં સુધી 'ૐ લલિતા દેવ્યૈ નમઃ' મંત્રનો વધારે ને વધારે જપ કરવો જોઈએ.

**સિંહ**

સિંહ રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિની સાધના ગુપ્ત રીતે કરવી. પૂજામાં ખાસ કરીને કમળ કે કનેરનું ફૂલ માતાજીને અર્પણ કરવું. માતા પાસેથી મનઈચ્છિત ફળ મેળવવા સાધના દરમિયાન મા દુર્ગાનો નર્વાણ મંત્ર 'ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે'નો જપ કરવો.

**કન્યા**

કન્યા રાશિનાં જાતકોએ દેવીની પૂજામાં ખાસ કરીને લીલા રંગની ચૂંદડી, પાન અને લીલી બંગડીઓ અર્પણ કરવું. કન્યા રાશિનાં જાતકોએ માતાજીને શીઘ્ર પ્રસન્ન કરવા માટે દરરોજ પૂજામાં 'દુર્ગા ચાલીસા'નો પાઠ અને 'ૐ શૂલ ધારિણી દેવ્યૈ નમઃ'નો મંત્ર જપ કરવો.

**તુલા**

ગુપ્ત નવરાત્રિમાં દેવી દુર્ગાની પૂજા કરતા સમયે તુલા રાશિનાં જાતકોએ સફેદ રંગનું ફૂલ, જેમ કે કમળ, જૂહી અને હરસિંગાર વગેરે અર્પણ કરવું. સાથે સાથે જ કોઈ કન્યાનું પૂજન કર્યા બાદ તેમને સફેદ રંગની મીઠાઈ ખવડાવીને આશીર્વાદ લેવા જોઈએ. તુલા રાશિવાળાંઓને દેવીની પૂજામાં 'ૐ હ્રીં મહાલક્ષ્મ્યૈ નમઃ' મંત્રનો વધારે ને વધારે જપ કરવો જોઈએ.

**વૃશ્ચિક**

વૃશ્ચિક રાશિનાં જાતકોએ દેવી દુર્ગાની ગુપ્ત સાધના કરવી. પૂજામાં ખાસ કરીને ગુહહલ, ગુલાબ જેવાં લાલ રંગનાં ફૂલ અર્પણ કરવાં. સાથે સાથે માતાજીને લાલ રંગની ચૂંદડી, લાલ ફળ અને લાલ રંગની મીઠાઈનું નૈવેદ્ય ધરાવવું. શક્તિની સાધના દરમિયાન વૃશ્ચિક રાશિનાં સાધકોએ 'ૐ શક્તિરૂપાયૈ નમઃ'નો મંત્ર જપ કમળગટ્ટાની માળાથી જપવો.

**ધન**

ધન રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિમાં મા દુર્ગાની વિશેષ સાધના કરવી. પૂજામાં હજારીનાં ફૂલ, કમળ વગેરે ફૂલો તથા પીળા રંગની ચૂંદડી અર્પણ કરવી. દેવી દુર્ગાની પૂજામાં દરરોજ મા દુર્ગાના નર્વાણ મંત્ર 'ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે' મંત્રનો વધારે જપ કરવો.

**મકર**

મકર રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિની સાધના કરતા સમયે અપરાજિતાનાં ફૂલ ચઢાવીને દરરોજ 'દુર્ગા સપ્તશતી (ચંડી)' પાઠ કરવો જોઈએ. જો અપરાજિતાનું ફૂલ ન મળે તો તમે તેની જગ્યાએ ગુલાબનું ફૂલ અર્પણ કરીને દેવીની પૂજા કરવી.

**કુંભ**

કુંભ રાશિનાં જાતકોએ પણ ગુપ્ત નવરાત્રિમાં મા દુર્ગાની પૂજા કરતા સમયે અપરાજિતોનું ફૂલ ચઢાવીને ગુપ્ત રૂપે સાધના કરવી. સાથે 'ૐ બ્રાહ્મયૈ નમઃ' મંત્રનો જપ કરવો જોઈએ.

**મીન**

મીન રાશિનાં જાતકોએ ગુપ્ત નવરાત્રિની પૂજામાં કમળ, કનેર અને હજારીનાં પીળાં ફૂલ અર્પણ કરવાં જોઈએ. પોતાની મનોકામનાઓને શીઘ્ર પૂરી કરવા માટે ગુપ્ત નવરાત્રિના 9 દિવસ સુધી 'ૐ શ્રીં હ્રીં શ્રીં દુર્ગા દેવ્યૈ નમઃ' મંત્રનો વધારે જપ કરવો જોઈએ.

# મને બીજી પત્ની કેનેડાની મળશે કે ઈન્ડિયાની

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.

**સમસ્યા :** મારી પત્ની ત્રણ વર્ષથી છુટી થઇ ગઇ છે. મારે એક દીકરો અને બે દીકરી છે. દીકરો પરણીને અલગ રહે છે. જ્યારે બે દીકરીઓ પરણી ગઇ છે. હું હમણાં એકલો રહું છું. હું કેનેડાનો સિટિઝન છું. મારે એ જાણવું છે કે, મારી પત્ની મારા જીવનમાં ફરી આવશે કે કેમ? કે પછી મારે બીજાં લગ્ન કરવાં પડશે. બીજી પત્ની કેનેડાની કે ઇન્ડિયાની મળશે. મારી ભવિષ્યની જિંદગી હવે કેવી જશે એ વિશે જણાવશો. મારી જન્મ તારીખ 29 ઓગસ્ટ 1946 છે. બાકીની જન્માક્ષરની બધી માહિતી મોકલી છે.

**- (પ્રફુલ પટેલ)**

**સમાધાન :** પ્રફુલ્લભાઈ... આપશ્રીની જન્મ કુંડલી જોતાં લગ્નજીવનનું સાતમું સ્થાન બગડેલું છે. સાતમા સ્થાનની આગળ-પાછળ પાપ ગ્રહો હોવાથી પાપ કર્તરી યોગ બને છે. તેના કારણે તમારું દામ્પત્યજીવન કપાઇ જાય છે. ફરીથી લગ્ન કરો તો પણ તમારી આ જ પરિસ્થિતિ થશે. તમારા લગ્નજીવનમાં નાના-મોટા મુદ્દાઓને કારણે તકલીફ રહે. જ્યારે બીજી તરફ તમારા જીવનસાથી સારું વર્તન ધરાવતા હશે. તમે લગ્નજીવનનો આનંદ માણ્યો જ હશે. મોટા ભાગે તમારું પ્રથમ સંતાન પુત્ર હશે. હાલ તમારે 12 ફેબ્રુઆરીથી 2028 સુધી બુધની મહાદશા ચાલે છે. જે સારી ને ફળદાયી છે. ત્યાર બાદ તા. 13 ફેબ્રુઆરી 2028થી 2035 સુધી 'કેતુની મહાદશા' શરૂ થશે. તમારી કુંડળીમાં આઠમા ભાવમાં વૃશ્ચિક રાશિમાં કેતુ ગ્રહ બેઠો છે.

આ મહાદશા દરમિયાન તમે સારાં અને પવિત્ર કર્મ કરશો તથા તમારું વર્તન પણ સારું રહેશે. આધ્યાત્મિકતા તથા ધર્મ તરફ તમારી રુચિમાં એકાએક વધારો થશે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે જેની તમે લાંબા સમયથી રાહ જોઇ રહ્યા હતા એ જીવન બદલનારી અનુભૂતિ કદાચ કરી શકશો. આ સમયગાળો સારો સાબિત થશે. બીજી તરફ તમારું કુટુંબ -પરિવારનું વાતાવરણ ખૂબ જ સારું રહેશે. તમારી આવરદા (ઉંમર) 90 વર્ષ સુધીની છે. તમે ધાર્મિક અને હોશિયાર રહેશો. તમે દુનિયાભરની મુસાફરી કરી શકશો.

તમારી કુંડળીમાં સૂર્ય સિંહ રાશિમાં પાંચમા સંતાન ભાવમાં સ્વગૃહી થઇને બેઠા છે. સૂર્ય તમારા જીવનમાં એક વિચિત્ર સ્થિતિનું નિર્માણ કરે છે. આ સૂર્ય તમને સંતાન સંબંધિત ચિંતા-હેરાનગતિ આપે છે. ઘણી રાહ જોયા બાદ તમને સંતાન તરીકે પુત્રપ્રાપ્તિ થશે. તેના જન્મ બાદ વિવિધ ક્ષેત્રોમાં તમારી સારી એવી પ્રગતિ થઇ હશે. તમારું સંતાન મેધાવાન તથા કુળને પ્રશંસા આપનાર નીવડશે. તમે નાની-નાની બાબતોમાં ગુસ્સે થવાની સાથે કોઇક બાબતને લઇને ચિંતિત અથવા દુઃખી પણ રહી શકો છો.

આપશ્રીને કેનેડાની પત્ની મળશે. પરંતુ મારી આપશ્રીને સાચી સલાહ એ છે કે તમારે પુત્રો અને પુત્રીઓ છે. બીજી પત્ની પણ તમારી મિલકતમાં દાવો કરે અને સંતાનો પણ. આ બધું હવે મોટી ઉંમર થઇ તેથી ફરીથી મેરેજ કરવાની વાત વિચારવા જેવી નથી.

હવે તો તમારે ભગવાને મનુષ્ય અવતાર આપ્યો છે તે સાર્થક કરવાનો છે. ઓમ નમો ભગવતે વાસુદેવાય મંત્ર હરતા-ફરતા બોલવો. ધાર્મિક યાત્રાઓ કરવી. નરસિંહ મહેતા જેમ વિચારવું... ભલું થયું ભાંગી જંજાળ... સુખેથી ભજીશું શ્રીગોપાલ. તમોને આવી તક ભગવાને આપી છે.

# અષાઢ ગુપ્ત નવરાત્રિમાં આ વખતે માતાજી નૌકામાં સુખ-સમૃદ્ધિ ને વરસાદ લઈને આવશે

કાળચક્ર
યજ્ઞાનંદ

અષાઢ મહિનાની ગુપ્ત નવરાત્રિ 15 જુલાઈથી શરૂ થશે. આ વખતે આ વખતે આ પર્વ ઘણું જ વિશેષ અને મંગલકારક સંયોગ લઈને આવ્યું છે. એક તરફ જ્યાં તિથિઓની અનોખી ફેરબદલ (એક તિથિ ક્ષય અને એકની વૃધ્ધિ) થવાથી જાણકારો વચ્ચે કુતૂહલનો વિષય છે. બીજી તરફ જગતજનની મા દુર્ગા 'નૌકા' (નાવ) પર સવાર થઈને આવવાથી સંપૂર્ણ સૃષ્ટિ માટે સુખ-સમૃધ્ધિની સાથે સાથે વરસાદ માટે વરદાન માનવામાં આવે છે. અષાઢ માસના ગુપ્ત નવરાત્રના સમયે મા દુર્ગાની ગુપ્ત સાધના કરવા ચંડી પાઠના શ્લોકોને જગાડવા અને હવન-પૂજન કરીને આત્મિક બળ પ્રાપ્ત થાય છે.

**- માતાનું આ રૂપ શાંતિ, ઉન્નતિ અને મંગલકારી પરિણામોનું પ્રતીક છે**

શાસ્ત્રોમાં મા દુર્ગાના આગમનનાં વાહનોનું વિશેષ ફળ જણાવ્યું છે. આ અષાઢ ગુપ્ત નવરાત્રમાં માતારાની નાવ પર જ્યારે આવશે.... તો તે પોતાની સાથે જનકલ્યાણ, સુખ-શાંતિ અને અસીમ સમૃધ્ધિ લઈને આવશે. આ સંયોગ દેશભરમાં વરસાદ, કૃષિ વગેરે નાવમાં લઈને આવશે. માતાનું આ રૂપ શાંતિ, ઉન્નતિ અને મંગલકારી પરિણામોનું પ્રતીક માનવામાં આવે છે, જેનાથી અશાંતિનાં વાદળ હટી જશે.

### 12 વર્ષ પછી થતો દુર્લભ ગજ કેસરી યોગ

**12 વર્ષ પછી થતો દુર્લભ યોગ**

આ વર્ષે ગુપ્ત નવરાત્રિનો શુભારંભ અત્યંત શુભ અને દુર્લભ જ્યોતિષીય સંયોગો વચ્ચે થશે. 15 જુલાઈએ બુધવારના દિવસે પુષ્ય નક્ષત્ર રહેશે અને ચંદ્ર કર્ક રાશિમાં બિરાજમાન રહેશે. આ દરમિયાન ચંદ્ર અને ગુરુની યુતિથી 'ગજકેસરી યોગ'નું નિર્માણ થશે. કારણ કે ગુરુ લગભગ 12 વર્ષ બાદ ફરીથી આ રાશિમાં આવે છે એટલા માટે આ સંયોગ વિશેષ મહત્ત્વ રાખે છે. આ સાથે જ ગુપ્ત નવરાત્રિની શરૂઆત ગજકેસરી યોગ અને બુધ-પુષ્ય યોગના શુભ યોગમાં થશે.... જે સાધના મંત્ર સિધ્ધિ અને શુભ કાર્યો માટે અત્યંત ફળદાયી માનવામાં આવે છે. એટલું જ નહીં, આખા ગુપ્ત નવરાત્રિ કાળમાં 2 સર્વાર્થ સિધ્ધિ યોગ અને 3 રવિ યોગ પણ બનશે. જેનાથી આ પર્વનું ધાર્મિક અને જ્યોતિષીય મહત્ત્વ કેટલાયે ગણું વધી જશે.

**કઇ દેવીઓની પૂજા થાય છે**

શત્રુ નડતર, ગ્રહ દોષ અને નકારાત્મક શક્તિઓ સામે રક્ષણ માટે ગુપ્ત નવરાત્રિમાં દશ મહાવિદ્યાઓ કાલી, તારા, ત્રિપુર સુંદરી, ભુવનેશ્વરી, છિન્નેમસ્તા, ભૈરવી, ધુમાવતી, બગલા મુખી, માતંગી અને કમલા દેવીની વિશેષ ઉપાસના કરવામાં આવે છે.

અષાઢી ગુપ્ત નવરાત્રિના આ શ્રેષ્ઠ દિવસોમાં 10 મહાવિદ્યા ક્વચ-તાવીજ સંપૂર્ણ પ્રાણ પ્રતિષ્ઠિત, મંત્રો દ્વારા જીવંત, ચૈતન્ય, સજીવન કરવામાં આવે છે. જે સાધકોને માઈ-ભક્તોને ગળામાં ધારણ કરવું હોય તો તેનો લાભ લઇ શકે છે. આ ઉપરાંત અષ્ટલક્ષ્મી કવચ, ગૌરી શંકર કવચ, શ્રી બગલામુખી કવચ વગેરે સિધ્ધ કરીને તેને પ્રચંડ શક્તિશાળી નિર્માણ કરવામાં આવશે. દોડધામના યુગમાં માતાજીની ભક્તિ-પૂજા, મંત્રજાપ કરવાનો સમય ના મળે અને બીજી તરફ જીવનની સમસ્યાઓ મોં ફાડીને ઊભી હોય ત્યારે ગળામાં આવું ક્વચ ધારણ કરવાથી તમોને ચમત્કારિક ફાયદો જોવા મળે છે. આ નવ દિવસ દેવી દુર્ગાનાં ગુપ્ત સ્વરૂપો અને 10 મહાવિદ્યાઓની સાધના માટે અત્યંત શુભ અને ફળદાયી મનાય છે. અષાઢ શુક્લ(સુદ) પ્રતિપ્રદા (એકમ) તિથિનો આરંભ 14 જુલાઈએ બપોરે 3.12 વાગ્યે થશે અને સમાપન 15 જુલાઈએ સવારે 11.50 વાગ્યે થશે. ઉદયા તિથિ અનુસાર કળશ સ્થાપના 15 જુલાઈએ કરવામાં આવશે. કળશ સ્થાપનાનું શુભ મુહૂર્ત સવારે 5.33 વાગ્યાથી 10.09 વાગ્યા સુધી. **- ગુપ્ત નવરાત્રિનું મહત્ત્વ** ગુપ્ત નવરાત્રિનો સંબંધ ખાસ કરીને તાંત્રિક સાધના, મંત્ર સિધ્ધિ અને ગુપ્ત મનોકામનાઓ પૂરી કરવા માટે છે. આ દિવસોમાં મા કાલી, મા તારા, મા બગલા મુખી અને છિન્નમસ્તા સહિત બધી 10 મહાવિદ્યાઓની પૂજા કરવામાં આવે છે. સામાન્ય નવરાત્રિની જેમ તેમાં સાર્વજનિક મંડપ કે ઉત્સવ નથી હોતો, પરંતુ સાધક એકાંતમાં રહીને ગુપ્ત રૂપે પોતાની સાધના કરે છે.

